**દોલાવડી ખાડીમાં ગંદા પાણીના નિકાલ મુદ્દે**

# મોરા પંચાયત સામે એક્સ-પાર્ટી કાર્યવાહી થશે: NGT

**દામકા ગામના આગેવાનોની અરજી બાદ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો મહત્ત્વનો આદેશ**

**નોટિસ છતાં પંચાયતની ગેરહાજરી, આગામી સુનાવણી 8 સપ્ટેમ્બરે**

સુરતઃ હજીરા કાંઠા વિસ્તારના દામકા ગામ પાસેથી પસાર થતી દોલાવડી ખાડીમાં વર્ષોથી ગંદા ગટરનું પાણી છોડવાના કારણે સર્જાયેલા પ્રદૂષણ અને માછલીઓના મૃત્યુના મુદ્દે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)માં ચાલી રહેલી કાર્યવાહી હવે મહત્ત્વના તબક્કે પહોંચી છે. આ મામલે મોરા ગ્રામ પંચાયતને પૂરતી તક અને નોટિસ આપવામાં આવ્યા હોવા છતાં સુનાવણી દરમિયાન હાજર ન રહેતા NGT દ્વારા તેની વિરુદ્ધ એક્સ-પાર્ટી કાર્યવાહી આગળ ચલાવવાનો આદેશ કરવામાં આવ્યો છે.

દામકા ગામ પાસેથી પસાર થતી દોલાવડી ખાડીમાં મોરા ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી લાખો લિટર ગંદા ગટરનું પાણી છોડવામાં આવતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ખાડી આગળ જઈ નદીમાં અને ત્યારબાદ ખંભાતના અખાતમાં મળે છે. જેના કારણે ગંદા પાણીના સતત પ્રવાહથી માત્ર ખાડી વિસ્તાર જ નહીં પરંતુ આસપાસના પર્યાવરણ પર પણ ગંભીર અસર થતી હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો છે. દોલાવડી ખાડીમાં સતત ગંદા પાણીનો નિકાલ થવાના કારણે વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાતી હોવાની ફરિયાદ ઊઠી છે. સાથે જ ખાડીના પાણીમાં રહેલી હજારો માછલીઓના મૃત્યુ થયાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ પરિસ્થિતિને કારણે દામકા ગામના રહેવાસીઓને લાંબા સમયથી પર્યાવરણીય તેમજ સામાજિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે દામકા ગામના આગેવાનો દીપકભાઈ ધનસુખભાઈ પટેલ, પ્રમુખ, હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળી, જશવંતભાઈ રણછોડભાઈ પટેલ, માજી સરપંચ, દામકા તથા વિજયભાઈ ચીમનભાઈ પટેલ, સામાજિક કાર્યકર, દામકા દ્વારા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, વેસ્ટર્ન ઝોન બેન્ચ, પૂણે સમક્ષ એપ્લિકેશન દાખલ કરવામાં આવી હતી.

અરજીમાં ગંદા પાણીના યોગ્ય નિકાલ માટે જરૂરી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) સ્થાપિત કરવા સહિતની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. મામલાની સુનાવણી દરમિયાન મોરા ગ્રામ પંચાયતને પોતાની રજૂઆત કરવા માટે પૂરતી તક આપવામાં આવી હોવા છતાં પંચાયત તરફથી કાર્યવાહી દરમિયાન હાજરી આપવામાં આવી ન હોવાનું જણાવાયું છે. આથી 9 જુલાઈ, 2026ના રોજ થયેલી સુનાવણી દરમિયાન નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા મોરા ગ્રામ પંચાયતની ગેરહાજરીને ધ્યાનમાં લઈ તેની વિરુદ્ધ એક્સ-પાર્ટે કાર્યવાહી આગળ ચલાવવાનો આદેશ કરવામાં આવ્યો છે.

### અનેક સરકારી વિભાગોને નોટિસ

NGTમાં અરજીની કાર્યવાહી દરમિયાન ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મુખ્ય કચેરી ગાંધીનગર અને પ્રાદેશિક કચેરી સુરત, જિલ્લા કલેક્ટર કચેરી સુરત, સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (SUDA), હજીરા નોટિફાઇડ એરિયા ઓથોરિટી તેમજ મોરા ગ્રામ પંચાયત સહિતના સંબંધિત પક્ષકારોને નોટિસ આપવામાં આવી હતી. હવે આ પર્યાવરણીય પ્રદૂષણના કેસમાં આગામી સુનાવણી 8 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાવાની છે. આગામી સુનાવણીમાં દોલાવડી ખાડીના પ્રદૂષણ, ગંદા પાણીના નિકાલ, પર્યાવરણીય નુકસાન અને તેના નિવારણ માટેની કાર્યવાહી અંગે વધુ મહત્વના નિર્દેશો સામે આવે તેવી શક્યતા છે.

### એક્સ-પાર્ટી કાર્યવાહી એટલે શું?

એક્સ-પાર્ટી કાર્યવાહી એટલે કે એક પક્ષ હાજર ન હોય અથવા પોતાની બાજુ રજૂ ન કરે ત્યારે, કોર્ટ/ટ્રિબ્યુનલ તેની ગેરહાજરીમાં કેસની કાર્યવાહી આગળ ચલાવે. મોરા ગ્રામ પંચાયતને નોટિસ અને પોતાની બાજુ રજૂ કરવાની તક આપવામાં આવી હતી. પરંતુ પંચાયત સુનાવણીમાં હાજર ન રહી. તેથી NGTએ પંચાયતની ગેરહાજરીમાં કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો નિર્ણય કર્યો છે. આને 'એક્સ-પાર્ટી કાર્યવાહી' કહેવાય છે.

# સુરતમાં કૃષિ યોજનાઓમાં ગેરરીતિના આક્ષેપો, ઉચ્ચસ્તરીય તપાસની માંગ

**જિલ્લાના વિવિધ તાલુકામાં ખેડૂત તાલીમ અને ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમો કાગળ પર જ યોજાયા હોવાનો દર્શન નાયકનો આક્ષેપ**

સુરતઃ સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કૃષિ વિભાગ દ્વારા અમલમાં મૂકાતી ખેડૂતલક્ષી યોજનાઓમાં વ્યાપક ગેરરીતિઓ થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી તથા ખેડૂત આગેવાન દર્શન નાયકે મુખ્યમંત્રીને વિગતવાર રજૂઆત કરી સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

રજૂઆતમાં ખાસ કરીને નાણાકીય વર્ષ 2024-25 અને 2025-26 દરમિયાન સુરત જિલ્લાના ચોર્યાસી, અડાજણ અને કતારગામ તાલુકામાં નેશનલ ફૂડ સિક્યુરિટી મિશન (NFSM) સહિતની વિવિધ કૃષિ યોજનાઓ હેઠળ યોજાયેલા ખેડૂત તાલીમ, નિર્દેશન અને ડેમોસ્ટ્રેશન કાર્યક્રમોમાં ગંભીર અનિયમિતતાઓ થઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. દર્શન નાયકે કરેલા આક્ષેપ મુજબ NFSM યોજનાના ન્યુટ્રીશનલ ઘટક હેઠળ યોજાનારી 'ક્રોપિંગ સિસ્ટમ બેઝડ ટ્રેનિંગ' સહિતની કેટલીક તાલીમો વાસ્તવમાં યોજાઈ ન હોવા છતાં સરકારી રેકોર્ડમાં યોજાઈ હોવાનું દર્શાવવામાં આવ્યું હોવાની ફરિયાદો મળી છે. આ માટે ખોટા બિલો, ખોટી લાભાર્થી એન્ટ્રીઓ તથા અન્ય દસ્તાવેજોના આધારે સરકારી નાણાં મેળવવા માટે દરખાસ્તો તૈયાર કરવામાં આવી હોવાની આશંકા રજૂ કરવામાં આવી છે. રજૂઆત મુજબ વર્ષ દરમિયાન 20થી 25 જેટલી તાલીમો યોજવાની જોગવાઈ હોવા છતાં વાસ્તવમાં માત્ર થોડા કાર્યક્રમો યોજી તેના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરીને અન્ય તાલીમો પણ યોજાઈ હોવાનું દર્શાવવામાં આવ્યું હોવાની ફરિયાદો છે.

### ખોટા કેસ પેપર તૈયાર કર્યાની ફરિયાદ

વિવિધ નિર્દેશન અને ડેમોસ્ટ્રેશન યોજનાઓમાં પણ ખેડૂતોના નામે ખોટા કેસપેપર તૈયાર કરવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ખેડૂતોની જાણ બહાર તેમના નામે સહી કરવામાં આવતી હોવાની તેમજ લાભાર્થી ખેડૂતોને આપવામાં આવતી સામગ્રીના જથ્થા અને ગુણવત્તામાં પણ ગેરરીતિ થતી હોવાની ફરિયાદો રજૂઆતમાં કરવામાં આવી છે. આ ગેરરીતિઓ માત્ર ચોર્યાસી, અડાજણ અને કતારગામ પૂરતી મર્યાદિત ન રહી સમગ્ર સુરત જિલ્લામાં અન્ય તાલુકાઓમાં પણ ચાલી રહી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### દક્ષિણ કોરિયામાં...

લગભગ 390 લોકોને સલામત સ્થળે ખસેડાયા છે અને 3,580 ઘરોમાં વીજળી ડૂલ થઈ ગઈ છે. શાળા-કોલેજોમાં પાણી ભરાયા છે અને વડા પ્રધાન હાન સોંગ-સુકે રાહત-બચાવ કાર્યો ઝડપી બનાવવા આદેશ આપ્યા છે. બીજી તરફ, ફિલિપાઈન્સની રાજધાની મનિલામાં પણ ભારે ચોમાસુ વરસાદના કારણે રસ્તાઓ જળમગ્ન થયા છે, જેથી સરકારી કામકાજ અને શાળાઓ બંધ રાખવાની ફરજ પડી છે. ફિલિપાઈન્સમાં છેલ્લા ત્રણ અઠવાડિયાના વરસાદ અને વાવાઝોડાને કારણે ભૂસ્ખલન અને પૂરના લીધે ઓછામાં ઓછા 23 લોકોનાં મોત થયાં છે.

### વિદ્યાર્થીઓ પર...

સતામણી તથા અન્ય લોકોની પણ સોશ્યલ મીડિયા પર હેરાનગતિના આક્ષેપો અંગે પણ તપાસ કરશે.સર્વોચ્ચ અદાલતે વધુમાં જણાવ્યું હતું કે તે ૧૯ ઓગસ્ટે દિલ્હીમાં સંસદ માર્ચ દરમિયાન થયેલી હિંસાના વિડિયો ફૂટેજ અને સીસીટીવી રેકોર્ડિંગ્સ તપાસ અર્થે ઉચ્ચ સ્તરીય સમિતિને સોંપવાનો આદેશ આપશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે જણાવ્યું હતું કે કોર્ટ બંધારણની કલમ 142 હેઠળ તેની પૂર્ણ સત્તાઓનો ઉપયોગ કરીને એવ FIRને રદ કરવા અંગે વિચારણા કરશે, જેમાં કોઈ વિવાદ કે શંકા ન હોય અને જેમાં સ્પષ્ટપણે વિદ્યાર્થીઓ સામેલ હોય. બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાને વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી FIRની વિગતો રજૂ કરવા જણાવ્યું હતું જેને રદ કરવાની છે. અદાલતે સંકેત આપ્યો હતો કે તે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની પૂર્ણ સત્તાઓનો ઉપયોગ કરી શકે છે. વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ માફી ન માંગે ત્યાં સુધી તેમની સામેના કેસો રદ કરવાનો વિરોધ કરી રહેલા એક વકીલને બેન્ચે કહ્યું, "આ વિદ્યાર્થીઓના જીવનનો સવાલ છે, જેના પર આપણે વિચારવું પડશે. તેમની સામે ઉજ્જવળ ભવિષ્ય છે. કલમ ૧૯ હેઠળ તેમને વિરોધ કરવાનો અધિકાર છે." મહેતાએ જણાવ્યું હતું કે ૨૦ જુલાઈના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા માટે પોલીસે ૨,૮૦૦ થી વધુ "અસામાજિક તત્વો"ની ઓળખ કરી હતી, જેઓ ભૂતકાળમાં પણ ગંભીર ગુનાઓમાં સામેલ હતા. બેન્ચે ઉમેર્યું, સમિતિ માત્ર તથ્યોની જ તપાસ કરશે, જેમાં એ બાબતનો સમાવેશ થાય છે કે શું પોલીસ દ્વારા કરવામાં આવેલો બળપ્રયોગ વધુ પડતો હતો. તેના અહેવાલ બાદ, ફેસિયલ રેકગ્નિશન ટેકનોલોજી સંબંધિત વિશાળ કાનૂની અને બંધારણીય પ્રશ્નો પર આ અદાલત દ્વારા વિચારણા કરવામાં આવશે. મહેતાએ સ્પષ્ટતા કરી હતી કે પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતી ફેસિયલ રેકગ્નિશન ટેકનિક તમામ વ્યક્તિઓના ચહેરા સ્કેન કરતી નથી, પરંતુ માત્ર તે જ વ્યક્તિઓને ચિન્હીત કરે છે જેઓ અગાઉ કોઈ ગંભીર ગુનામાં સામેલ હતા અને તેમનો ડેટા નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો(NCRB) પાસે ઉપલબ્ધ હતો.

### "પ્રદર્શનમાં અસામાજિક...

તેમજ તમામ જરૂરી વિગતો પૂરી પાડશે. પુનરાવર્તનના જોખમે પણ એ સબમિટ કરવામાં આવે છે કે, આ માનનીય અદાલત દ્વારા એક સમિતિની નિમણૂક કરવામાં આવી શકે છે જે પોલીસ અધિકારીઓ દ્વારા બળપ્રયોગ સંબંધિત તમામ મુદ્દાઓની તપાસ કરશે." ૩ ઓગસ્ટના રોજ, આ મુદ્દે અરજીઓની સુનાવણી કરતી વખતે મુખ્ય ન્યાયાધીશ સૂર્યા કાંતની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે, વિદ્યાર્થી પ્રદર્શનકારીઓને મુક્ત કરવા અંગેના તેના આદેશમાં "ગુનાહિત પૃષ્ઠભૂમિ" શબ્દ માત્ર ગંભીર અને જઘન્ય અપરાધોમાં સંકળાયેલા લોકો માટે જ હતો. કોર્ટે એમ પણ કહ્યું હતું કે રાજ્યો કાયદા અનુસાર બાકીના વિદ્યાર્થીઓ સામેની એફઆઈઆર બંધ અથવા પાછી ખેંચી શકે છે.સોગંદનામામાં જણાવવામાં આવ્યું છે કે ૨૦ જુલાઈના રોજ પ્રદર્શન દરમિયાન જંતર-મંતર અને તેની આસપાસ કથિત અસામાજિક તત્વો સહિત ૩૦,૦૦૦ થી વધુ લોકો એકઠા થયા હતા, જે બાદમાં હિંસક બન્યા હતા. પ્રદર્શનકારીઓને સંસદ તરફ આગળ વધતા રોકવા માટે વારંવાર આપેલી ચેતવણીઓ અને પ્રયાસોને ધ્યાન પર ન લેવામાં આવ્યા બાદ જ પોલીસે બળપ્રયોગનો સહારો લીધો હતો. સોગંદનામામાં ઉલ્લેખ કરાયો છે કે, "શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર એ યુવા વિદ્યાર્થીઓ/યુવાનો સહિત દેશના દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. આ અધિકાર પવિત્ર છે અને તેને કોઈપણ ભોગે જાળવી રાખવો જોઈએ. મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે પ્રારંભિક શાંતિપૂર્ણ આંદોલન હિંસક બની જાય છે, જેના પરિણામે અન્ય નાગરિકો તેમજ પોલીસ કર્મચારીઓને શારીરિક ઈજા પહોંચે છે અને સરકારી મિલકતને નુકસાન થાય છે." વધુમાં ઉમેર્યું કે, અસામાજિક તત્વો ભીડમાં ભળી જાય છે, અને ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો પ્રદર્શનકારીઓ અથવા પોલીસને અસ્પષ્ટ કે બદનામ કરવાના હેતુથી આવા પ્રદર્શનોમાં ઘૂસણખોરી કરે છે, જે માત્ર ભારતમાં જ નહીં પરંતુ દરેક જગ્યાએ ચિંતાનો વિષય છે.

**૨૮૦૦થી વધુ લોકોની વિગતો પોલીસના ગુનાખોરોના રેકર્ડ સાથે મેચ થઇ, ૪૭ રીઢા ગુનેગારો હતા**

સોગંદનામા અનુસાર, આ વિરોધ પ્રદર્શનમાં હાજર રહેલા ૨,૮૭૩ લોકોની વિગતો સત્તાવાર પોલીસ ડેટાબેઝમાં મોજૂદ ગુનાહિત રેકોર્ડ સાથે મેચ થઈ હતી. તેમાં જણાવવામાં આવ્યું છે કે ઘટનાસ્થળે હાજર ૯૨ લોકો ૧૦થી વધુ ગુનાહિત કેસોમાં સંકળાયેલા હતા, જેમાંથી ૪૭ રીઢા ગુનેગારો હતા.

### વિદ્યાર્થીઓ સામેની...

ખેંચવા, પ્રદર્શનકારીઓને શિક્ષાત્મક કાર્યવાહીથી બચાવવા અને અસરગ્રસ્ત પરિવારોને વળતર આપવાની ખાતરી આપ્યા બાદ સંગઠને સદભાવના રૂપે ૨૫ જુલાઈના રોજ પોતાનું દેશવ્યાપી આંદોલન પાછું ખેંચી લીધું હતું.

X પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં, દાસે કહ્યું કે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે દેશભરમાં વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ વિરુદ્ધ નોંધાયેલી FIR ની યાદી માંગી હતી, જેથી તે અનુચ્છેદ ૧૪૨ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને તેમને એકસાથે રદ કરવા પર વિચાર કરી શકે. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકારના વકીલે યાદી સોંપવાની ખાતરી આપી ન હતી અને તેના બદલે આ પગલાનો વિરોધ કર્યો હતો. દાસે કહ્યું કે જો સરકાર ૨૫ જુલાઈની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે નક્કર પગલાં નહીં ભરે, તો CJP ની રાષ્ટ્રીય કાર્યકારિણી સમિતિ આગામી બે દિવસમાં બેઠક કરશે. તેમણે વધુમાં કહ્યું, "CJP આગળ શું કરશે તેનો સંપૂર્ણ આધાર ભારત સરકાર હવે શું કરવાનું પસંદ કરે છે તેના પર છે." સુપ્રીમ કોર્ટની બહાર મીડિયા સાથે વાત કરતા, દાસે જણાવ્યું હતું કે ૨૦ જુલાઈના રોજ જંતર-મંતર અને તેની આસપાસ પ્રદર્શનકારીઓ સામેની કથિત હિંસા અંગેની સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે સરકારને ત્રણ વખત પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી FIRની યાદી આપવા માટે કહ્યું હતું.

### દિલ્હી ડાયરી...

રહ્યો હતો, જેને પાંચ મહિનાના સમયગાળા દરમિયાન લગભગ એક લાખ બ્લોકિંગ ઓર્ડર મળ્યા હતા- જે કુલ ઓર્ડરના અડધાથી વધુ છે. વિશ્વભરમાં યુઝર ગ્રોથમાં ઘટાડો જોઈ રહેલા ફેસબુકને આશરે 80,000 ઓર્ડર મળ્યા હતા, જ્યારે યુટ્યુબને 15,000 ઓર્ડર મળ્યા હતા.

**હવે ભાજપનું યુવા મતદાતાઓ પર ફોકસ**

તાજેતરમાં દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી દ્વારા પ્રેરિત યુવાનોના વિરોધ પ્રદર્શનો પછી યુવાવર્ગના વધતા મહત્ત્વને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને આ સપ્તાહની શરૂઆતમાં તેમની વિઝાગની મુલાકાત દરમિયાન જનરેશન ઝેડ (જેન ઝી)ના પ્રતિનિધિઓ સાથે ત્રણ કલાકનો સંવાદ યોજ્યો હતો. દક્ષિણના રાજ્ય આંધ્ર પ્રદેશની મુલાકાત દરમિયાન તેઓ જે સાત અલગ-અલગ કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા તેમાંથી યુવાનો સાથે નવીનની ત્રણ કલાકની લાંબી મુલાકાત તેમની પાર્ટીની પ્રદેશ કારોબારી સાથેની સાડા ચાર કલાકની બેઠક પછી માત્ર બીજા ક્રમે હતી. તેમની મુલાકાત દરમિયાન તેમણે જિલ્લા પ્રમુખો અને અન્ય હોદ્દેદારો સાથે પણ એક કલાક સુધી વાતચીત કરી હતી. છેલ્લે, સાંસદો, ધારાસભ્યો અને એમએલસી જેવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે તેમની બેઠક બે કલાક સુધી ચાલી હતી. જનરેશન ઝેડના સભ્યોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી એ દર્શાવે છે કે, ભાજપના રણનીતિકારોએ જનતા પર પાર્ટીની પકડ અકબંધ રાખવાના ઉદ્દેશ્યથી તેમની રણનીતિને નવો ઓપ આપ્યો છે. એવું લાગે છે કે દિલ્હી, રાંચી અને અન્ય સ્થળોએ થયેલા જનરેશન ઝેડના વિરોધ પ્રદર્શનોએ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટીને હચમચાવી દીધી છે અને તેમને યુવા પેઢીના મતદાતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ફરજ પાડી છે, જેઓ છેલ્લા એક દાયકા દરમિયાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી ભાજપ સાથે મક્કમતાથી જોડાયેલા રહ્યા છે.

**ભાવનગરના ઉખરલા ગામની વાડીમાં મોડી રાત્રે જુગાર રમાતો હતો ત્યારે**

# પોલીસની રેડની અફવાથી જુગારી દોડ્યા, કૂવામાં પડતા 3નાં મોત

**ત્રણ અજાણ્યા શખ્સો પોલીસ બની રેડ કરવા આવ્યા હોવાનો પરિજનોનો આક્ષેપ, પોલીસનો રેડનો ઈન્કાર**

અમદાવાદઃ ભાવનગરના ઘોઘા તાલુકાના ઉખરલા ગામના વાડી વિસ્તારમાં મહાવીરસિંહની વાડીમાં મોડી રાત્રે આશરે ૧૧ જેટલા લોકો જુગાર રમી રહ્યા હતા. દરમિયાન ત્રણ શખસો બાઈક પર ત્યાં આવ્યા હતા અને પોલીસની જેમ ગાળો બોલીને કોઈને ઊભા ન રહેવા જણાવતાં હોવાની માહિતી સામે આવી છે. આથી જુગાર રમી રહેલા લોકોમાં પોલીસ આવી હોવાની અફવા ફેલાતાં અચાનક ભાગદોડ મચી ગઈ હતી. નાસભાગ દરમિયાન ચાર યુવકો નજીક આવેલા કૂવામાં પડી ગયા હતા. સ્થાનિકોએ કૂવામાંથી યુવકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ હતી. જોકે, રાહુલ ચૌહાણ, નિલેશ ડાભી અને અજીતસિંહના મોત થયાં હતાં. જે બાદ મોટી સંખ્યામાં પરિવારજનો અને ગ્રામજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું.

### પોલીસ રેડ હતી કે માત્ર અફવા?

આ ઘટનામાં સૌથી મોટો સવાલ વાડીમાં આવેલા ત્રણ શખસો ખરેખર પોલીસ કર્મચારી હતા કે નહીં તે અંગે ઊભો થયો છે. મૃતકોના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે ત્રણ અજાણ્યા શખસો પોલીસની જેમ વર્તીને રેડ પાડવા આવ્યા હતા અને તેમના કારણે યુવકોમાં નાસભાગ મચી હતી. બીજી તરફ વરતેજ પોલીસના અધિકારીઓએ પોલીસ રેડ કરી હોવાનો ઇનકાર કર્યો છે. વરતેજ પોલીસના જણાવ્યા મુજબ, વાડી વિસ્તારમાં કેટલાક લોકો ભેગા થયા હોવાની માહિતી બાદ સવારે મૃતદેહ પડ્યો હોવાની જાણ થતાં પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી. સ્થળ પર તપાસ દરમિયાન ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસનું કહેવું છે કે કોઈ પોલીસ ટીમે ત્યાં રેડ કરી નહોતી. ગામના કોઈ વ્યક્તિએ ટીખળ કરી હોય તેવી શક્યતા પણ પોલીસે વ્યક્ત કરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### વિદેશમાં નાણાં...

એવી શંકાસ્પદ એન્ટિટી ઓળખી કાઢવામાં આવી છે જેમણે મોટી રકમ વિદેશ મોકલી છે. તપાસમાં જાણવા મળ્યું કે કેટલાક નકલી ચેરિટેબલ ટ્રસ્ટ બનાવટી દાન/ફાળો બતાવીને એન્ટ્રી આપવાના કામમાં સંકળાયેલા હતા.

CBDT એ સ્પષ્ટ કર્યું છે કે Form 15CB/Form 146 જારી કરતા એકાઉન્ટે યોગ્ય કાળજી અને વ્યાવસાયિક ચુકાદો વાપરવો જોઈએ. ટ્રાન્ઝેક્શનની યોગ્ય ચકાસણી કર્યા વિના સર્ટિફિકેટ આપવામાં આવશે તો કાર્યવાહી થઈ શકે છે. વિભાગ દ્વારા આગળની તપાસ હાલ ચાલુ છે.

### પંજાબી શાક...

જ્યોત્સનાબેન અને ત્રણ પુત્રીઓ તેજસ્વી (12 વર્ષ), નાવ્યા (10 વર્ષ) અને આર્યા (4 વર્ષ 10 માસ) સાથે રહે છે. ગત 15 ઓગસ્ટે જાહેર રજા હોવાથી પરિવારજનોએ માતાવાડી ખાતે આવેલી શીતલ રેસ્ટોરન્ટમાંથી પંજાબી શાક સહિતનું જમવાનું પાર્સલ મંગાવ્યું હતું. રાત્રે પરિવારના તમામ સભ્યોએ સાથે બેસીને જમ્યા બાદ સૂઈ ગયા હતા. બીજા દિવસે વહેલી સવારે અશોકભાઈ અને તેમની પુત્રી આર્યાને ઉલ્ટીઓ થતાં બંને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા.

સારવાર બાદ બંને ઘરે પરત ફર્યા હતા. જોકે ત્યારબાદ સોમવારે બપોરે અશોકભાઈ, તેમની પત્ની અને ત્રણેય પુત્રીઓને ઉલ્ટી, પેટમાં દુઃખાવો સહિતની તકલીફો શરૂ થઈ હતી. પરિવારના પાંચ સભ્યોની તબિયત લથડતાં તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ચાર વર્ષની આર્યાને મૃત જાહેર કરી હતી. જ્યારે અશોકભાઈ, જ્યોત્સનાબેન અને બે પુત્રીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. બાળકીના મોતને પગલે પરિવારજનોમાં ભારે શોક છવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં વરાછા પોલીસે વધુ સઘન તપાસ હાથ ધરી છે.

### શું 460...

બાદ તબિયત લથડી હતી. પાંચેય સભ્યોને ફૂડ પોઈઝનિંગની અસર થયા બાદ સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, જેમાં ચાર વર્ષ અને દસ મહિનાની માસૂમ આર્યાનું મોત નીપજ્યું છે. જમવામાંથી કયા પદાર્થને કારણે ફૂડ પોઈઝનિંગ થયું તે અંગેના રિપોર્ટ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

### શીતલ રેસ્ટોરન્ટ...

નમુના લેવામાં આવ્યા છે અને 2 રો-મટિરિયલમાં પનીર અને કાજુના સેમ્પલ લઈ લેબમાં ટેસ્ટિંગ માટે હાલ મોકલી આપવામાં આવ્યા છે. પરિવાર દ્વારા કાજુ લસણીયા અને કાજુ કરી (પનીર)ની શાકનો ઓર્ડર કરાયો હતો. મનપા દ્વારા રેસ્ટોરન્ટમાંથી વિવિધ શાકભાજીઓ, દાળ, દુધની વિવિધ બનાવટો અખાદ્ય જણાતા કુલ 80 કિલો શંકાસ્પદ અખાદ્ય પદાર્થનો નાશ કરાયો હતો.

### ફૂડ...

સારવાર હેઠળ રહેલા પરિવારના ચાર સભ્યોની તબિયત અંગે પણ આરોગ્ય મંત્રીએ હોસ્પિટલના તબીબો પાસેથી માહિતી મેળવી હતી. દર્દીઓની સારવારમાં કોઈ કચાશ ન રહે અને તેમની તબિયત પર સતત નજર રાખવામાં આવે તે માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આરોગ્ય વિભાગને ઘટનાની તપાસ દરમિયાન ખોરાકના નમૂના લેવા, રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા અને હાઈજિનની સ્થિતિ ચકાસવા તેમજ ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન થયું હતું કે નહીં તે સહિતના તમામ પાસાં તપાસવા માટે કાર્યવાહી હાથ ધરવા જણાવાયું છે. વરાછાની ઘટનાના પગલે આરોગ્ય મંત્રીએ રાજ્યભરની રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા અને હાઈજિનના નિયમોનું કડક પાલન થાય તે માટે પણ ભાર મૂક્યો છે.

### ઘટના બને...

વાસી દૂધ, દૂષિત માવો કે નકલી પનીરનું વેચાણ રાતોરાત શરૂ થતું નથી. આ માટેની તૈયારીઓ અને ભેળસેળનું નેટવર્ક મહિનાઓથી સક્રિય હોય છે. જો ફૂડ વિભાગ દ્વારા આખું વર્ષ નિયમિત, સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવે અને ભેળસેળિયા વેપારીઓ સામે આકરા પગલાં લેવાય, તો તહેવારોના સમયે પ્રજાના માથે અશુદ્ધ ખોરાકનું જોખમ જ ન રહે. પરંતુ, ફૂડ વિભાગ તહેવારોની બરાબર પૂર્વસંધ્યાએ કે તહેવારના દિવસે કે ઘટના બને પછી જ દરોડા પાડવાની વિચિત્ર પદ્ધતિ ધરાવે છે. તહેવારના દિવસે જ્યારે સામાન્ય નાગરિકો ખરીદી કરી ચૂક્યા હોય છે, ત્યારે સેમ્પલ લેવાનો કે માત્ર થોડો જથ્થો જપ્ત કરવાનો અર્થ શો? ઘટના બન્યા પછી નમુના લઈને તેની તપાસ કરવાનો શું અર્થ? હાલમાં જ્યારે શ્રાવણ માસના છ દિવસ જતાં રહ્યા છે ત્યારે ફરાળી વાનગીના સેમ્પલ લેવાનો શું અર્થ? સેમ્પલના રિપોર્ટ આવતા સુધીમાં તો એ દૂષિત ખોરાક હજારો લોકોના પેટમાં જતો રહ્યો હોય છે! તાજેતરમાં જ શહેરમાંથી ફૂડ પોઈઝનિંગ અને દૂષિત ખોરાકના કારણે નાગરિકો તેમજ બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થવાના કિસ્સાઓ સામે આવ્યા છે. આવી ઘટનાઓ તંત્રની કાનૂની અને નૈતિક નિષ્ફળતા પર સીધા પ્રશ્નાર્થચિહ્નો ઊભા કરે છે. તંત્રની આળસ અને રૂટીન ચેકિંગના અભાવને કારણે અસામાજિક અને નફાખોર વેપારીઓને ખુલ્લો દોર મળી જાય છે. તંત્ર સમક્ષ સીધા પ્રશ્નો અને કડક માગણી એ છે કે, આખું વર્ષ શું કરો છો? ફૂડ વિભાગે સ્પષ્ટતા કરવી જોઈએ કે આખું વર્ષ નિયમિત ચેકિંગ કેમ કરવામાં આવતું નથી? માત્ર તહેવારોમાં જ કેમ ટીમ બહાર નીકળે છે? આગળથી આયોજન કેમ નહીં? તહેવાર આવે તેના બે-ત્રણ અઠવાડિયા પહેલાંથી દૂધ, માવો અને ઘીના ઉત્પાદન અને સ્ટોરેજ સ્થળો પર કડક તપાસ કેમ નથી થતી? ભેળસેળ કરનારાઓ સામે માત્ર નજીવો દંડ ફટકારીને કાગળ પર કાર્યવાહી પતાવવાને બદલે કાયમી ધોરણે લાયસન્સ રદ કરવા અને BNS તથા કડક કાયદા હેઠળ ક્રિમિનલ કેસ દાખલ કરવા જોઈએ.

મહારાષ્ટ્રના અધિકારી તુકારામ મૂંડે પરથી અધિકારીઓએ શીખવું પડશે કે કેવી રીતે કામગીરી કરાય? અધિકારીઓએ કાગળ પર કામગીરી બતાવવાનું બંધ કરી, જવાબદેહી સ્વીકારીને આખું વર્ષ કડક નિરીક્ષણચાલુ રાખવું પડશે. જો તંત્ર આવી જ રીતે બેદરકારી દાખવશે, તો સુરતની જનતાના સ્વાસ્થ્ય સાથે થતા આ ખિલવાડ માટે સીધેસીધું ફૂડ વિભાગ જ જવાબદાર રહેશે.

### શાળામાં 'ગુડ...

મળેલા 'ગુડ ટચ અને બેડ ટચ'ના પાઠને કારણે બાળકીએ નરાધમની બદદાનત પારખી લઈને પોતાની જાતને બચાવી લીધી હતી.

મળતી વિગતો મુજબ, અમરોલી જૂના કોસાડ રોડ પર સ્થિત સોસાયટીમાં રહેતી અને ધોરણ-૨માં અભ્યાસ કરતી ૮ વર્ષની બાળકી સાંજના સમયે સોસાયટી કેમ્પસમાં રમી રહી હતી. આ સમયે ત્યાં જ રહેતો સોહાગ જયંતીભાઈ સુતરિયા (ઉં.વ.૩૯) નામનો રત્નકલાકાર તેને સમજાવી-ફોસલાવી કેમ્પસમાં આવેલા મંદિરની પાછળના ભાગે લઈ ગયો હતો. ત્યાં ઓટલા પર બાળકીને પોતાના ખોળામાં બેસાડી રમાડવાના બહાને તેના ગુપ્તાંગમાં આંગળી નાંખી અડપલાં કરવા લાગ્યો હતો.

જોકે, શાળામાં 'ગુડ ટચ અને બેડ ટચ' અંગે આપવામાં આવેલી જાગૃતિના કારણે બાળકીને તુરંત ખ્યાલ આવી ગયો હતો કે આ શખ્સ તેની સાથે ખોટું કરી રહ્યો છે. જેથી બાળકી ચાલાકીપૂર્વક તેની ચુંગાલમાંથી છૂટીને સીધી ઘરે પહોંચી ગઈ હતી અને પોતાની માતાને તમામ આપવીતી જણાવી હતી.

ઘટનાની જાણ થતાં માતાએ રમી રહેલા અન્ય બાળકોની પૂછપરછ કરી હતી. બાળકો માહિતી આપતા અન્ય બિલ્ડિંગમાં માતા બીજા માળે પહોંચી હતી, જ્યાં બાળકીએ નરાધમ સોહાગ સુતરિયાને ઓળખી બતાવ્યો હતો.

### દરિયામાં ડૂબતી...

હતી. જલાલપોરના મામલતદાર દ્વારા કોસ્ટગાર્ડના કમાન્ડન્ટ સાથે સતત સંકલન રાખીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર દ્વારા બોટમાં સવાર તમામ ૯ વ્યક્તિનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રેસ્ક્યુ કરાયેલા પૈકી ૩ વ્યક્તિને વલસાડ જિલ્લાના દાંડી તથા ૬ વ્યક્તિને વલસાડ જિલ્લાના ભાગળ ગામે સલામત રીતે પહોંચાડવામાં આવ્યા હતા. નવસારી જિલ્લા વહીવટી તંત્ર, એનડીઆરએફ અને કોસ્ટગાર્ડ વચ્ચેના અસરકારક સંકલન અને ઝડપી કામગીરીના પરિણામે બોટમાં સવાર તમામ ૯ વ્યક્તિઓને સમયસર સલામત સ્થળે પહોંચાડી રેસ્ક્યુ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

રમેશ રાઠોડ, રાજુ રાઠોડ, અમિત રાઠોડ, દિનેશ રાઠોડ, નવીન રાઠોડ, કુકરભાઈ રાઠોડ અને ઉકા રાઠોડ સુરત જિલ્લાના સચિન વિસ્તારના કંસાડ ગામના રહેવાસી છે. જ્યારે દિલીપ ટંડેલ અને રાજેશ મંગળદાસ ટંડેલ જલાલપોર તાલુકાના કૃષ્ણપુર ગામના રહેવાસી છે. તમામ માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

### પરિવર્તનના...

અપાવવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આમ છતાં, ચૂંટણીના આ પરિવર્તન પવનમાં તેમની થયેલી કારમી હાર સ્પષ્ટપણે દર્શાવે છે કે સત્તાધીશો સામે ખેડૂતોમાં ભારે આક્રોશ વ્યાપેલો છે.

### સહકાર પેનલની,...

રહ્યું છે. ભૂતકાળના અનુભવી અને વિશ્વાસપાત્ર લોકનેતૃત્વની ખોટ સાબિત થઈ છે, કારણ કે માત્ર પદ કે સત્તાના સહારે ખેડૂત મતદારોનો ભરોસો જીતી શકાયો નહીં. મહત્ત્વનું કારણ ખેડૂતોનો જાગૃત મિજાજ રહ્યો, જેમાં મતદારોએ કોઈ પક્ષ કે વ્યક્તિગત વગને બદલે સંસ્થાના હિત, પારદર્શિતા અને ભવિષ્યની સુરક્ષાને સર્વોપરી ગણી પરિવર્તનનો સ્પષ્ટ જનાદેશ આપ્યો. આ પરિણામો પરથી સહકારી સંસ્થાઓને પક્ષીય પ્રભાવ અને મેન્ડેટ પ્રથાથી મુક્ત કરી માત્ર ખેડૂતહિતને પ્રાધાન્ય આપતા સક્ષમ નેતૃત્વને જ તક આપવાની લોકમાંગ પ્રબળ બની છે.

### ભાજપના,...

પ્રમુખ રહેલા રમણલાલ પટેલના અવસાન બાદ પ્રથમ વખત યોજાયેલી ચૂંટણીમાં સહકાર પેનલને મળેલો જાકારો ચર્ચાનો વિષય બન્યો હતો. બપોરે બે વાગ્યા સુધીમાં તમામ પરિણામો આવી ગયાં હતાં, જેમાં તમામ 14 બેઠક પર કિસાન પરિવર્તન પેનલના ઉમેદવારો જંગી બહુમતીથી વિજેતા થયા હતા. સહકાર પેનલના કર્ણધાર અને માજી જિલ્લા પંચાયત પ્રમુખ ભાવેશ પટેલનો મોતા જૂથ પર 323 અને ધારાસભ્ય ઈશ્વર પરમારનો એસસી એસટી બેઠક પર 542 મતોની પરાજય થયો હતો.

બીજી તરફ કિસાન પરિવર્તન પેનલના સમર્થકો મત ગણતરી સ્થળ પર મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. રેલવે ઓવરબ્રિજ પણ બ્લોક થઈ ગયો હતો. ઈતિહાસમાં પ્રથમ વખત બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં આટલો મોટો ઉલટફેર થતાં સહકારી ક્ષેત્રના માંધાતાઓ પણ વિચારમાં પડી ગયા હતા. મતદારોએ કયા મુદ્દાને લઈને સહકાર પેનલને જાકારો આપ્યો તે મુદ્દે લોકો ચર્ચા કરતાં નજરે પડ્યા હતા. ખાસ કરીને સહકારી સંસ્થાઓમાં પક્ષીય રાજકારણ લાવવાનું નેતાઓને ભારે પડ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ પરિણામની અસર આવનારી અન્ય સુગર મિલોની ચૂંટણીમાં પણ થવાની શક્યતાને લઈ સહકારી નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### લોકોએ સહકાર પેનલનો હુરિયો બોલાવ્યો

પરિણામ બાદ જ્યારે હારી ગયેલા સહકાર પેનલના ઉમેદવારો બહાર નીકળી રહ્યા હતા, ત્યારે મતગણતરી સ્થળ કન્યા વિદ્યાલય અસ્તાનના પ્રવેશદ્વાર બહાર મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ તેમનો હુરિયો બોલાવ્યો હતો. કેટલાક લોકોએ ઉમેદવારો સાથે ખેંચતાણ પણ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### બારડોલી સુગરની ચૂંટણીમાં કોને કેટલા મત મળ્યા?

| જૂથ | ઉમેદવાર અને મળેલા મતો | પેનલ |
|---|---|---|
| મોતા | ભાવેશભાઈ નગીનભાઈ પટેલ -૧૦૧૫ | (સહકાર) |
| | સતીશભાઈ શૈલેષભાઈ પટેલ -૧૩૩૮ | (કિસાન પરિવર્તન) |
| ખરવાસા | ભૂપેન્દ્રસિંહ તખ્તસિંહ સોલંકી -૧૪૪૫ | (કિસાન પરિવર્તન) |
| | રોશનકુમાર અરવિંદભાઈ પટેલ - ૯૦૧ | (સહકાર) |
| શામપુરા | કિરીટકુમાર મગનભાઈ પટેલ - ૧૩૯૩ | (કિસાન પરિવર્તન) |
| | પ્રવીણભાઈ વલ્લભભાઈ પટેલ - ૯૮૮ | (સહકાર) |
| ઓરણા | અનિલભાઈ હરિભાઈ પટેલ - ૧૫૨૩ | (કિસાન પરિવર્તન) |
| | કેતનભાઈ અમૃતભાઈ દેસાઈ - ૮૫૧ | (સહકાર) |
| સેવણી | ચેતનભાઈ વનમાળીભાઈ પટેલ - ૧૪૧૬ | (કિસાન પરિવર્તન) |
| | મહેશભાઈ મંગુભાઈ પટેલ - ૫૩ | (અપક્ષ) |
| | સુરેશભાઈ સોમાભાઈ પટેલ - ૮૯૮ | (સહકાર) |
| પુણા | પ્રફુલભાઈ મોહનભાઈ પટેલ - ૧૪૭૪ | (કિસાન પરિવર્તન) |
| | પ્રવીણભાઈ નારણભાઈ નાથુભાઈ - ૯૦૮ | (સહકાર) |
| તુંડી | મુકેશકુમાર મગનભાઈ પટેલ - ૮૯૮ | (સહકાર) |
| | મુકેશચંદ્ર નગીનભાઈ પટેલ - ૧૪૬૫ | (કિસાન પરિવર્તન) |
| એના | અતુલભાઈ જયંતીભાઈ પટેલ - ૧૩૨૭ | (કિસાન પરિવર્તન) |
| | પરિમલ બળવંતભાઈ પટેલ - ૧૦૬૪ | (સહકાર) |
| નિઝર | પેશભાઈ રામચંદ્ર ભક્ત - ૧૪૦૬ | (કિસાન પરિવર્તન) |
| | શૈલેષભાઈ ભીખાભાઈ પટેલ - ૯૮૨ | (સહકાર) |
| બારડોલી | ગિરીશભાઈ અંબુભાઈ પટેલ - ૯૮૩ | (સહકાર) |
| | વિનોદચંદ્ર મગનલાલ પટેલ - ૧૩૮૬ | (કિસાન પરિવર્તન) |
| મોટી ફળોદ | અનિલકુમાર ભીખુભાઈ પટેલ - ૯૨૩ | (સહકાર) |
| | પંકજભાઈ રમણભાઈ પટેલ - ૧૪૪૧ | (કિસાન પરિવર્તન) |
| **મહિલા સભાસદ જૂથ-૧** | | |
| | અમિતાબેન ભરતભાઈ પટેલ - ૯૬૦ | (સહકાર) |
| | ઉષાબેન પ્રવીણભાઈ પટેલ - ૧૪૧૩ | (કિસાન પરિવર્તન) |
| **મહિલા સભાસદ જૂથ-૨** | | |
| | ઉષાબેન વિનોદભાઈ પટેલ - ૧૩૯૫ | (કિસાન પરિવર્તન) |
| | મમતા પરેશકુમાર પટેલ - ૯૬૦ | (સહકાર) |
| **અનુસુચિત જાતિ/જનજાતિ** | | |
| | ઈશ્વરભાઈ રમણભાઈ પરમાર - ૮૮૨ | (સહકાર) |
| | તરુણકુમાર જગુભાઈ વાઘેલા - ૧૪૨૪ | (કિસાન પરિવર્તન) |


**ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર**
**જાહેર નિવિદા નં - ૧૫ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા અપકીપીંગને લગતા ૦૧ કામ માટે યોગ્ય અનુભવ ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૬૯.૬૦ લાખની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા. ૨૫/૦૮/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.

માહિતી/નર્મદા/૨૧૬/૨૦૨૬-૨૭

**ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર**
**જાહેર નિવિદા નં - ૧૩ (સુધારો) સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા પ્રોટેક્શન વોલના ૦૧ કામ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત રૂ. ૧૦૧.૪૨ લાખ ની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા. ૦૧/૦૯/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.

માહિતી/નર્મદા/૨૧૭/૨૦૨૬-૨૭

**સુરત મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ**

FIT INDIA

**-:: જાહેર નોટીસ ::-**

ચાલુ વર્ષે ગણેશ મહોત્સવની ઉજવણી સુરત શહેરમાં કરવામાં આવનાર હોય આ મહોત્સવ દરમ્યાન આવા મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરમાં વિપુલ પ્રમાણમાં જનમેદની આવતી હોય જેથી જાહેર જનતાની સલામતીને ધ્યાને લેતા સુરત શહેર ખાતેનાં આવા તમામ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરમાં કોઈ જાનહાની ન થાય તે માટે આવા મંડપનાં સંચાલકો / ઓર્ગેનાઈઝર દ્વારા પોતાના મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચર પ્રિમાઈસીસમાં ફાયર સેફ્ટીની સલામતી માટે ૫૦૦ ચો.મી. કરતા વધુ ક્ષેત્રફળ ધરાવતાં હોય અને અથવા ૦૯ મીટરથી વધુ હાઈટ ધરાવતા હોય અને અથવા ૫૦ વ્યક્તિથી વધુ વ્યક્તિ એક સ્થળે ભેગા થતા હોય તેવા ગણેશ મહોત્સવનાં મંડપ / પંડાલ / ટેમ્પરરી સ્ટ્રક્ચરનાં સંચાલકો / ઓર્ગેનાઈઝર દ્વારા એક સાદા કાગળ ઉપર મંડપનાં જવાબદાર એવા બે વ્યક્તિઓનાં નામ/સરનામા, કોન્ટેક નંબર તથા મંડપનું નામ / સરનામુ અને પોલીસ વિભાગ / સુરત મહાનગરપાલિકાનાં ઝોન દ્વારા નોંધવામાં આવેલ / આપવામાં આવેલ સ્ટોલ/ રજીસ્ટ્રેશન નંબર વિગેરેની માહીતી સહીત અરજી અને મંડપનો પ્લાન-૦૩ નકલમાં (જેમાં ફાયર ફાઈટીંગ સુવિધા અને ઈમરજન્સી એકઝીટ વિગેરે અચુક દર્શાવેલ હોય) શામેલ રાખીને સુરત ફાયર વિભાગની મુગલીસરા ખાતે આવેલ વહીવટી કચેરી ખાતે અરજી કરવાની રહેશે તથા સુચવ્યા મુજબની ફાયર ફાઈટીંગ સુવિધા અચુક ઉપલબ્ધ કરાવવાની રહેશે અરજદારની આવેલ અરજી અન્વયે જે તે ઝોનનાં ફાયર વિભાગનાં અધિકારી રૂબરૂ સ્થળ નીરીક્ષણ કરી જે કાંઈ સુધારો / વધારો કહે તે મુજબ કામગીરી કર્યા બાદ મંડપનાં સંચાલકશ્રી દ્વારા ગુજરાત સરકારશ્રીની વેબસાઈટ https://fscop.gujfiresafetycop.in ઉપર ફાયર એન.ઓ.સી. મેળવવા ઓનલાઈન એપ્લાય કરીને ઓનલાઈન ટેમ્પરરી સ્ટ્રક્ચરની ફાયર એન.ઓ.સી. મેળવી લેવાની રહેશે.

૫૦૦ ચો.મી. કરતા ઓછા ક્ષેત્રફળ ધરાવતાં હોય અને અથવા ૦૯ મીટરથી ઓછી હાઈટ ધરાવતા હોય અને અથવા ૫૦ વ્યક્તિથી ઓછી વ્યક્તિ એક સ્થળે ભેગા થતા હોય તેવા ગણેશ મહોત્સવનાં મંડપ / પંડાલ / ટેમ્પરરી સ્ટ્રક્ચરનાં સંચાલકો / ઓર્ગેનાઈઝર દ્વારા કોઈ ફાયર એન.ઓ.સી. લેવાની રહેશે નહીં. પરંતુ નિયમાનુસારની ફાયર સેફ્ટી સીસ્ટમ અચુક ઉપલબ્ધ કરાવવાની રહેશે. જેની સર્વોએ અચુક નોંધ લેવી.

ફાયર વિભાગ દ્વારા આપવામાં આવેલ સુચનાઓ તથા ટેમ્પરરી સ્ટ્રક્ચર માટે ભારત સરકારશ્રીનાં તથા ગુજરાત સરકારશ્રીનાં આગ સલામતી માટેનાં નિયમોનું ચુસ્ત અમલ કરવાનાં રહેશે. ઉપરોક્ત સુચનાઓના અમલ થયેલ ન હોય અને સુચના પ્રમાણેનાં રસ્તાઓ ખુલ્લા રાખવામાં નહીં આવવાથી તેમજ ફાયર એન્જીન જો અંદર મંડપ પેરાફેરીમાં પ્રવેશ કરી શકશે નહીં અને કોઈ અઘટિત ઘટના કે બનાવ બનશે તો અને આગ અકસ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આવા મંડપનાં સંચાલક / આયોજક / ઓર્ગેનાઈઝર/ મેનેજરની વિગેરેની રહેશે જેની આ જાહેરાત મારફતે સંબંધિત તમામે અચુક નોંધ લેવી.

નં.પી.આર.ઓ/૧૮૯/૨૦૨૬-૨૭
તારીખઃ- ૧૮-૦૮-૨૦૨૬

ડે. મ્યુ. કમિશ્નર
સુરત મહાનગરપાલિકા